# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-08-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- ❖ રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ સો ટકા વરસાદ નોંધાયો- આવતીકાલે કચ્છ અને સૌરાષ્ટ્રના છ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદની આગાહી...
- ❖ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા કરી..
- ❖ રાજ્યમાં વરસાદની સ્થિતિને પહોંચી વળવા કેન્દ્ર સરકારે ભારતીય સેનાની છ કોલમ ટુકડી મોકલી..
- ❖ રાજ્યમાં ભારે વરસાદને પગલે અત્યાર સુધીમાં **23** હજાર **871** લોકોને સલામત સ્થળે ખસેડાયા- એક હજાર **696** લોકોને બચાવાયા..
- ❖ રાજ્યમાં વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓની શાળાઓ આવતીકાલે પણ બંધ રહેશે..

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# STATE RAIN OVERALL

રાજ્યના હવામાન વિભાગે આવતીકાલે કચ્છ અને સૌરાષ્ટ્રના જામનગર, દેવભૂમિ દ્વારકા, જામનગર, રાજકોટ, પોરબંદર તેમ જ જુનાગઢમાં અત્યંત ભારે વરસાદની આગાહી છે. જ્યારે સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી, વલસાડ, સુરત સહિતના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સિવાયના જિલ્લાઓમાં પણ ભારે વરસાદ વરસી શકે છે.

રાજ્યના હવામાન વિભાગે આજે 27 જિલ્લામાં વરસાદનું રેડ અલર્ટ જાહેર કર્યું છે. આજે વરસાદની ત્રણ સિસ્ટમ સમગ્ર રાજ્યને ઘમરોળશે તેવી આગાહી પણ કરવામાં આવી છે.

રાજ્યમાં મોસમનો સરેરાશ 100 ટકા વરસાદ વરસ્યો છે. રાજ્યમાં સવારે છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં 245 તાલુકામાં વરસાદ વરસ્યો છે. સૌથી વધારે 201 મિલીમીટર રાજકોટ તાલુકામાં, જ્યારે લોધિકામાં 196, કોટડા સાંગાણીમાં 191 મિલીમીટર વરસાદ નોંધાયાના અહેવાલ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં 880 મિલીમીટર સાથે મોસમનો સરેરાશ 99 ટકાથી વધુ વરસાદ નોંધાયાના અહેવાલ છે. સૌથી વધારે 117 મિલીમીટર વરસાદ કચ્છ ઝોનમાં, 108 મિલીમીટર વરસાદ દક્ષિણ ગુજરાતમાં વરસ્યો છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમમાં કુલ સંગ્રહશક્તિના 87 ટકા જેટલો જળસંગ્રહ થયો છે. રાજ્યના 76 ડેમ 100 ટકા, 46 ડેમ 70થી 100 ટકા, 23 ડેમ 50થી 70 ટકા જેટલા ભરાઈ ગયા છે. ઉપરાંત રાજ્યના 96 ડેમ હાઈ-અલર્ટ, 19 ડેમ અલર્ટ અને સાત ડેમ ચેતવણી પર છે.

રાજ્યમાં હાલમાં બચાવ કામગીરી માટે NDRFની 14 ટુકડી અને SDRFની 22 ટુકડી તહેનાત છે. હવામાન વિભાગે 30 ઑગસ્ટ સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે.

# CM- SAMIKSHA BETHAK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સમગ્ર રાજ્યમાં ભારે વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતની  રાહત અને બચાવ કામગીરીના પગલાની સમીક્ષા ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરથી વિડીયો કોન્ફરન્સ માધ્યમથી કરી હતી.

કેન્દ્ર સરકારે રાજ્યમાં વરસાદની સ્થિતિને પહોંચી વળવા ભારતીય સેનાની છ કોલમ ટુકડી ફાળવી છે. વરસાદથી વધારે અસરગ્રસ્ત દેવભૂમિદ્વારકા, આણંદ, વડોદરા, ખેડા, મોરબી અને રાજકોટ જિલ્લામાં સેનાની આ છ કોલમ તહેનાત કરવામાં આવી છે, જે રાહત- બચાવ અને આપત્તિ વ્યવસ્થાપન કાર્યમાં મદદરૂપ થશે. ઉપરાંત NDRF ની 14 પ્લાટૂન અને એસ ડી આર એફ ની 22 પ્લાટૂન પણ આપત્તિ વ્યવસ્થાપનમાં સહાયક બની છે જ્યારે નૌકાદળ અને તટરક્ષક દળ પણ બચાવ-રાહત કામગીરીમાં જોડાયાં છે.

પંચમહાલ જિલ્લામાં સૌથી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. તેમજ વડોદરા અને જામનગરમાં એરફોર્સની મદદથી રેસ્ક્યુ કરાયું છે.

અત્યાર સુધીમાં ૨૩ હજાર ૮૭૧ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે તેમજ ૧ હજાર ૬૯૬ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યુ છે.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યમાં ભારે વરસાદની આગાહી અને ચેતવણી હજુ યથાવત છે તે સંજોગોમાં નાગરિકો, પ્રજાજનોને પણ સાવચેતી-સલામતી રાખવા અનુરોધ કર્યો હતો.

રાજ્યમાં ભારે વરસાદને કારણે દુર્ઘટનામાં કુલ ૭ વ્યક્તિઓના મૃત્યુ થયા છે.

હવામાન વિભાગે માછીમારોને દરિયો નહિ ખેડવા જે ચેતવણી આપી છે દરિયા કાંઠા વિસ્તારોના ૩જી ઓગસ્ટ સુધી કોઈ માછીમાર ભાઈઓ દરિયામાં જાય નહિ તે માટે જિલ્લા કલેક્ટરોને ખાસ તાકીદ કરી હતી..

વરસાદને કારણે રાજ્યમાં કુલ ૮૦૬ જેટલા માર્ગો બંધ છે, તે સત્વરે પૂર્વવત કરવા માટે મુખ્યમંત્રીએ માર્ગ મકાન વિભાગને તાકીદ કરી હતી.

# RAIN DIST.-1

વિવિધ જીલ્લામાં વરસાદની સ્થિતીનો વાત કરીએ તો ,

જામનગર શહેરમાં નીચાણવાળા વિસ્તારોમાંથી અગ્નિશમનની 10 અને એનડીઆરએફની એક ટુકડી દ્વારા 70થી વધુ લોકોને બચાવી લેવાયા છે. જામનગરના લાલપુર તાલુકાના નવાગામ વાડી વિસ્તારમાં બાળકો સહિત 11 લોકોનું હેલિકોપ્ટરથી બચાવાયા હતા. જામનગરના સાંસદ પૂનમ માડમ અને ધારાસભ્ય દિવ્યેશ અકબરીએ મહાપ્રભૂજી બેઠક સહિતના વિસ્તારોમાં મુલાકાત લીધી હતી.

મહીસાગર જીલ્લામાં 28 જળાશયો પાણીથી છલકાયા છે. જિલ્લામાં વરસાદના કારણે 68 જેટલા વૃક્ષો ધરાશાયી થયા છે 22 જેટલા કાચા મકાન પડી જતા 2 વ્યક્તિ અને 13 પશુના મોત થયા છે.. હાલ તંત્ર દ્વારા જીલ્લા ના અસરગ્રસ્ત વિસ્તારમાં જઈ બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે..

વધુ માહિતી આપી રહ્યા છે મહિસાગરના જિલ્લાના અમારા પ્રતિનિધિ કૌશિક જોશી..

**(બાઇટ- કૌશિક જોષી- મહિસાગર)**

દ્વારકાના ભાણવડમાં આવેલ વર્તુ-2 ડેમના 20 દરવાજા ખોલાયા છે. વરસાદને કારણે કલ્યાણપુર-પોરબંદર સહિતના ઘણા રસ્તા બંધ કરાયા છે. રાવલ ગામમાં પાણીમાં ફસાયેલા પાંચ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે..

ભાણવડનાં નીચાણવાળાં વિસ્તારમાંથી 15થી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું.. એનડીઆરએફની એક ટુકડી દ્વારકા ખાતે પહોંચી છે.

વડોદરા જીલ્લામાં પ્રસૂતિ થવાની શક્યતા ધરાવતી 45 સગર્ભા મહિલાઓને આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવી છે. વડોદરાના ડેસર તાલુકાના એક વ્યક્તિ 30 કલાકથી વધુ સમય સુધી મહિસાગર નદીના પટમાં ફસાયેલા હતા, જેમનું એરફોર્સ દ્વારા હેલિકોપ્ટરથી રેસ્ક્યુ કરાયું,

સુરતમાં પંડોળ રોડ પર ગટરના પાણી મુખ્ય માર્ગ પર ભરાતાં લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે.

# RUSHIKESH PATEL ANAND

રાજ્યમાં આણંદ, વડોદરા, જૂનાગઢ સહિત અસરગ્રસ્ત જિલ્લાઓની શાળાઓ આવતીકાલે પણ બંધ રહેશે એમ રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું. આણંદ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી પટેલ વરસાદ બાદ રાહત કામગીરીની સમીક્ષા કરવા અહીં પહોંચ્યા હતા. શ્રી પટેલે કલેક્ટર કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજી તેમણે આવતીકાલે શાળા બંધ હોવાની જાહેરાત કરી હતી.

**(બાઇટ- ઋષિકેશ પટેલ)**

# RAIN DIST.-2

ગીર સોમનાથ જીલ્લા કલેક્ટરે આવતીકાલે ભારે વરસાદને પગલે લોકોને સાવચેત રહેવા જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ નગરપાલિકા વિસ્તાર નીચાણવાળો હોવાથી 108 લોકોનું સ્થળાંતર કરાયું હતું. તેમજ ગાંધીનગર જીલ્લા કલેક્ટરે સંત સરોવર  ડેમની મુલાકાત લીધી હતી. હાલ ડેમ તેની પૂર્ણ સપાટીએ હોઇ કિનારાના ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.

છેલ્લા 24 કલાકમાં આણંદના તારાપુર, ખંભાત અને બોરસદ તાલુકામાં 12 ઇંચથી વધારે વરસાદ નોંધાયો છે. આણંદ જીલ્લામાં ખંભાતના ખડોધી ગામે દિવાલ પડી જતાં માતા પિતા સહિત બાળકનું મૃત્યુ થયું હતું..

ભરૂચના ગોલ્ડન બ્રીજની સપાટી 27 ફૂટ પહોંચતાં જીલ્લાના 48 જેટલા ગામોને સાવચેત કરાયા છે. અંકલેશ્વર તાલુકાનાં 280 લોકોનું સ્થળાંતર કરાયું છે. ભરૂચના આમોદ- જંબુસરને જોડતા બ્રીજ નીચે ઢાઢર નદી ભયજનક સપાટીએ વહેતા તંત્ર સાબદું થયું..

દીવના વણાકબારાની બોટનું એન્જીન બંધ થતાં પાણી ભરાયું હતું, ખલાસીઓએ બંધ બોટને છોડી અન્ય બોટમાં આશરો લેતા જાનહાનિ અટકી હતી.

અમદાવાદમાં વરસી રહેલા અવિરત વરસાદ છતાં સરદાર પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર અન્ય હિતધારકો તેમજ એરલાઇન્સની ટીમ દ્વારા મુસાફરોની સુવિધા માટે એક સાથે કામ કરી રહી છે. એરપોર્ટના બંને ટર્મિનલ પર કામગીરી વિના વિક્ષેપે ચાલુ રહી હતી પરંતુ કેટલીક ફ્લાઇટ્સ વિલંબિત થઇ હતી.

અમરેલી ખાતે પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાના અધ્યસ્થાને આપત્તિ વ્યવસ્થાપનની તૈયારીઓ અંગે સમીક્ષા બેઠક યોજાઇ હતી.

મહેસાણા જીલ્લા પ્રભારી સચિવ ધનંજય ત્રિવેદીના અધ્યક્ષસ્થાને વરસાદની સમીક્ષા બેઠક યોજાઇ..

અરવલ્લીના મોડાસા શહેરમાં ભેરુંડા રોજ પરની 10થી વધારે સોસાયટીમાં પાણી ભરાઇ ગયા હતા...

ભારે વરસાદને કારણે આવતીકાલે યોજાનારો રાજકોટ તાલુકા સ્વાગત કાર્યક્રમ બંધ રાખવામાં આવ્યો છે. રાજકોટના જામકંડોરણાના મોરયા ગામના ચાર લોકોનું તંત્ર દ્વારા રેસ્ક્યુ કરવામાં આવ્યું..જીલ્લાના લોધિકામાં ભારે વરસાદને

કારણે વાજા વાસ અને અન્ય નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતા ૧૦ લોકોને કન્યાશાળામાં આશ્રય અપાયો છે.